| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|


**તા.૨૨/૧૨/૨૦૧૯ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૭૩/૧૯**

# પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :

### પાસા હેઠળ અટકાયત ટાળવા નાસતા-ફરતા આરોપીની ધરપકડ કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં શરીર સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ.શ્રી કે.સી.રાઠવા નાઓએ ગઇ તા-૧૩/૦૮/૨૦૧૯ ના રોજ મે.પો.કમિસાશ્રી નાઓના તરફ આરોપી અરૂણ પ્રહલાદભાઇ ઠાકોરનાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવેલ જે પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિશ્રી નાઓના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૯૫૨/૧૯ ના પાસા અટકાયતી અરૂણ પ્રહલાદભાઇ જાતે-ઠાકોર, ઉ.વ-૨૬, રહે-પોપટલાલ આત્મારામની જુની ચાલી સાગર હોટલની સામે મેઘાણીનગર ચમનપુરા અમદાવાદ શહેર નાઓ પોતાની પાસા હેઠળ અટકાયત ટાળવા નાસતો ફરતો હોઇ જે આરોપીને પકડી પાડવા પો.ઇન્સશ્રી કે.સી.રાઠવાનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કવૉડના પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ તથા સ્ટાફના માણસોએ સદરી આરોપીની આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૯ ના રોજ ધરપકડ કરેલ હોઇ સદરી આરોપીને ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીઓનું નામ : અરૂણ પ્રહલાદભાઇ જાતે-ઠાકોર, ઉ.વ-૨૬, રહે-પોપટલાલ આત્મારામની જુની ચાલી સાગર હોટલની સામે મેઘાણીનગર ચમનપુરા અમદાવાદ શહેર



આરોપી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ (૧) મેઘાણીનગર પો.સ્ટે. ફ.ગુ.ર નં-૧૬૬/૧૭ ધી ઇપીકો કલમ-૩૦૭, ૩૨૩, ૨૯૪ (ખ), ૧૧૪ ૫૦૬(૨) તથા જી.પી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ (૨) એરપોર્ટ પો.સ્ટે. ફ ફ.ગુ.ર.નં. ૪૮/૧૯ ઇ.પી.કો કલમ-૩૦૭, ૧૪૩, ૧૪૭ ,૧૪૮, ૧૪૯, ૫૦૭ તથા જી.પી એક્ટ ૧૩૫(૧)મુજબ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ (૨) અ.પો.કો.અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં.૪૧૪૦
(૩) અ.પો.કો.મહેન્દ્રસિંહ મુળુભા બ.નં.૧૦૧૨૭ (૪) અ.પો.કો.શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં.૪૧૪૦
(૫) અ.પો.કો.ગણેશભાઈ ધર્માભાઈ બ.નં.૭૧૮૭ (૬) અ.હે.કો ચેતનભાઇ દેવજીભાઇ બ નં- ૩૩૯૦
(૭) અ.લો.ર. દશરથકુમાર અમૃતભાઈ બ.નં.૧૧૭૨૯ (૮) અ.લો.ર.જીગરકુમાર રામજીભાઈ બ.નં.૧૧૩૦૫

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્ય થી મે. પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ તા.૨૧.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર મિલ્કત સબંધી/શરીર સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના એરપોર્ટ તથા સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના ઘર આગળ પાર્ક કરેલ ૧૧ મો.સા. ઉપર પોતાના સાગરિતો સાથે જવલનશીલ પ્રવાહી નાખી મો.સા. સળગાવી તેમજ લોકોના ઘર પ્રવેશી પર્સમા રહેલ સોનાના દાગીનાની ચોરી કરવાની ટેવ ધરાવનાર અને ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે રાહુલ ઉર્ફે ધુમાડો જગદિશભાઈ ધર્માભાઈ વાઘેલા રહેવાસી-૮૫૭/૩ ભીલવાસ પાણીની ટાંકી પાસે આંબાવાડી સરદારનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાહુલ ઉર્ફે ધુમાડો જગદિશભાઈ ધર્માભાઈ વાઘેલા રહેવાસી- ૮૫૭/૩ ભીલવાસ પાણીની ટાંકી પાસે આંબાવાડી સરદારનગર અમદાવાદ |

- રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોલીસની કાયદેસરની ફરજ્મા રુકાવટ કરનાર કરી પોલીસ ઉપર છરી વડે હુમલો કરનાર તેમજ લોકોને છરી બતાવી બળજબરી પુર્વક ગાડીમા બેસાડી દશ હજાર કાઢી લેનાર તેમજ વિસ્તારના લોકોને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ઝનુની અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે અજીતસિંહ હમીરસિંહ ચંદનજી વાઘેલા રહેવાસી-એ/૫૬ કૈલાશપાર્ક સોસાયટી સુરેલીયા રોડ અમદાવાદ શહેર મુળ વતન- ગામ- વસઈ તા-ચાણસ્મા જિ.-પાટણ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અજીતસિંહ હમીરસિંહ ચંદનજી વાઘેલા રહેવાસી-એ/૫૬ કૈલાશપાર્ક સોસાયટી સુરેલીયા રોડ અમદાવાદ શહેર મુળ વતન-ગામ- વસઈ તા-ચાણસ્મા જિ.-પાટણ |

- અમદાવાદ શહેરના કાલુપુર તથા ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની પાસે લોનના જરુરી કાગળો મેળવી લોન મંજુર કરાવી લોકોને પૈસા નહી આપી વિશ્વાસઘાત અને ઠગાઈ કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નિલેષભાઈ શંકરભાઈ રણછોડભાઈ પટેલ રહેવાસી- ૪૦ નટરાજ સોસાયટી ભાર્ગવ રોડ, કુબેરનગર સરદાર નગર અમદાવાદ શહેર મુળ વતન- ગામ- સોપા તા- દહેગામ જિ.ગાંધીનગર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | નિલેષભાઈ શંકરભાઈ રણછોડભાઈ પટેલ રહેવાસી- ૪૦ નટરાજ સોસાયટીÉ ભાર્ગવ રોડ, કુબેરનગર સરદાર નગર અમદાવાદ શહેર મુળ વતન- ગામ- સોપા તા- દહેગામ જિ.ગાંધીનગર |

આ ઉપરાંત અન્ય મિલક્ત સબંધી પ્રવૃતિ સાથે સંકળાયેલ ૧ ઇસમ મળી <u>કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

## મહેસાણા કોર્ટના વોરંટ આધારે આરોપીને પકડી પાડતી શાહીબાગ પોલીસ સ્ટેશન

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળતથા શાહીબાગ પોલીસ સ્ટેશન સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા વિનુભાઇ ઉર્ફે પપ્પુ ભવરલાલ જૈન (મારવાડી) રહે, એ-૬ વસંત વિહાર ફ્લેટ,રાજસ્થાન હોસ્પીટલ પાછળ, શાહીબાગ અમદાવાદ નાઓનુ મહેસાણા કોર્ટ દશમમાં એડી. J.M.F.C.મેજી. શ્રીનાઓએ વોરંટ કાઢેલ જે વોરંટ આધારે આરોપી વિનુભાઇ ઉર્ફે પપ્પુ ભવરલાલ જૈન (મારવાડી) રહે, એ-૬ વસંત વિહાર ફ્લેટ,રાજસ્થાન હોસ્પીટલ પાછળ, શાહીબાગ અમદાવાદનાને તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન દ્વારા પકડી વોરંટ આધારે મહેસાણા કોર્ટમાં રજુ કરતા જેને કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ હોય જે ઇસમ વિરૂધ્ધ ઘણા પ્રોહીબીશનના ગુનાઓ નોંધાયેલ હોવાની હકિકત જાણવા મળેલ હોય સદર આરોપી હાલમાં મહેસાણા એસ. એસ. દેસાઇ સાહેબની કોર્ટ કસ્ટડીમાં છે.



# વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ક્રાઇમ બ્રાંચ :

## એકલ-દોકલ રાહદારીને વાતોમાં ભોળવી વિશ્વાસમાં લઈ પૈસા-દાગીના કઢાવી લેતી ગેંગના સાગરિતને પકડી પાડી ઓઢવ પો.સ્ટે. ના છેતરપીંડી ના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

એકલ-દોકલ ઉંમરલાયક રાહદારીઓને વાતોમાં ભોળવી તેઓનો વિશ્વાસ કેળવી તેઓ પાસેથી છેતરપીંડીથી સોનાના દાગીના તથા કિંમતી ચીજવસ્તુઓ કઢાવી લઇ છેતરપીંડી વિશ્વાસઘાતના ઘણા ગુન્હાઓ બનવા પામેલ હોય આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા તથા ક્રાઇમબ્રાંચના ખાસ પોલીસ કમિશ્નર શ્રીઅજય કુમાર તોમર સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન અને ક્રાઇમબ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્કોડના હે.કો. કૌશિક ગોવિંદભાઇ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે નરોડા ગેલેક્ષી સિનેમા પાસેથી આરોપી વિનોદ ઉર્ફે મેડી સ/ઓ કેશાભાઈ પુજાભાઈ સોલંકી (ઝંડાવાળા) ઉ.વ.૨૬ રહે. ભીલવાસ઼ પાણીની ટાંકી પાછળ઼ સરદારનગર઼ અમદાવાદ શહેર નાને આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૯ ના રોજ પકડી પાડી સદરી આરોપીની પુછપરછ કરતાં આજથી આશરે વીસેક દિવસ અગાઉ તેણે તથા તેના અન્ય સાગરિતે ભેગા મળી સવારના સમયે ઓઢવ વિરાટનગર રોડ પરથી એક ઉંમરલાયક બહેન ચાલતાં જતાં હતાં તેઓને વાતોમાં ભોળવી વિશ્વાસમાં લઈ રિક્ષામાં બેસાડી ઓઢવ પંચાલવાડીની સામે અ.મ્યુ.કો. ના બગીચામાં લઈ જઈ નોટોનું બંડલ બતાવી આ બહેને પહેરેલ સોનાનો દોરો તથા કાનમાં પહેરેલ બુટ્ટીઓ મળી કુલ કિં.રૂ.૩૫૦૦૦/- ની મત્તાના સોનાના દાગીના કઢાવી લીધેલ અને આ દાગીના તેઓની નજર ચુકવી લઈ લીધેલ અને તેની જગ્યાએ રુમાલમાં પથ્થરના ટુકડા મુકી રુમાલની ગાંઠ વાળી તેઓને આપી છેતરપીંડી કરેલ હોવાની કબુલાત કરેલ હોય જે બાબતે ઓઢવ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૯૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૪૦૬઼ ૪૨૦઼ ૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

### શોધાયેલ ગુનો

(૧) ઓઢવ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૯૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૪૦૬઼ ૪૨૦઼ ૧૧૪

## પકડાયેલ આરોપીની એમ.ઓ

આ કામે પકડાયેલ આરોપી પોતાના સાગરિત સાથે ભેગા મળી એકલ દોકલ રાહદારીઓને ટાર્ગેટ કરતા હતા અને તેઓ એકલ-દોકલ રાહદારીને વાતોમાં ભોળવી વિશ્વાસમાં લેતા હતા અને પોતાની પાસે ચોરીના દાગીના કે પૈસા છે તેમ જણાવી નોટોનું બંડલ તેમજ દાગીના બતાવતા અને રાહદારી પાસેથી દાગીના કઢાવી તે દાગીના રુમાલમાં વીંટી પરત આપતી વખતે આ દાગીનાના પડીકાની જગ્યાએ બીજું પડીકું આપી નજર ચુકવી દાગીના વાળુ પડીકું લઇ મોકો જોઈ ત્યાંથી નીકળી જતા હતા.

## પકડાયેલ આરોપીનો ગુનાહીત પુર્વ ઈતીહાસ

પકડાયેલ આરોપી અગાઉ શાહીબાગ, ઓઢવ, નરોડા તથા બાપુનગર પોલીસ સ્ટેશનોમાં વિશ્વાસઘાત છેતરપીંડીના ગુન્હાઓમાં પકડાયેલ છે તેમજ પાસા હેઠળ જામનગર જેલમાં પણ જઈ આવેલ છે.

આ આરોપીએ પોતાના સાગરિત સાથે મળી આ સિવાય બીજાપણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :

## રિઢા ત્રણ ગુનેગારને ચોરીની પાંચ એક્ટીવા તથા એક પેશન પ્રો.મો.સા. સાથે પકડી કુલ છ(૬) ગુના શોધી કાઢતી વટવા પોલીસ

અમદાવાદ શહેરમા ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. “જે” ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારાનાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ સર્વે. પો.સ.ઇ. પી.કે.ગઢવી નાઓને આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના પો.કો. જયરાજભાઇ વલકુભાઇ તથા અ.પો.કો.હિતેષભાઇ નાગજીભાઇ નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે આજરોજ તા.૨૦.૧૨.૨૦૧૯ ના રોજ વટવા અંબિકા બ્રિજ નીચેથી આરોપી નામે (૧) અસ્લમ ઉર્ફે છોટુ સ/ઓ અનવરભાઇ શેખ ઉ.વ.૨૧ ધંધો. મજુરીકામ રહે.ઇસ્લામનગર,ગુલબાઇની ચાલી,મદીના મસ્જીદ પાછળ,સુંદરમનગર રખીયાલ અમદાવાદ શહેર મુળ વતન.મણીયાવ તા.જી.જોનપૂર (ઉત્તરપ્રદેશ) (૨) દિપક હીરાભાઇ રાઠોડ ઉ.વ.૨૫ રહે. સરાણીયાવાસ જીમની ચાલીની પાછળ ઓઢવ અમદાવાદ શહેર (૩) અહેમદ અબ્દુલ સલામ શેખ ઉ.વ.૩૨ રહે.વિશ્વનાથનગર,હીના હોટલની પાછળ અજીત મિલ પાછળ રખીયાલ અમદાવાદ શહેરનાઓને (૧) એક બ્લ્યુ કલરની એક્ટીવા જેનો નંબર જી.જે.૨૭ એ.આર. ૧૧૭૯ નો જણાયેલ જેનો એંજીન નંબર જોતા JF50ET2625769 તથા ચેસીસ નંબર ME4JF504HFT624880 નો છે જેની કિ.રૂ.૩૦,૦૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી લિધેલ જે તમામ ઇસમોની યુક્તીપ્રયુક્તીથી પૂછપરછ કરતા અન્ય (૨) એક સફેદ કલરની એક્ટીવા નં. જી.જે.૦૧ એમ.જી.૨૩૧૧ નો જેનો એંજીન નંબર JC44E0897920 તથા ચેસીસ નંબર ME4JC449JA8021689 નો છે જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણાય ..

(૩) એક બ્લેક કલરનુ પેશન પ્રો મો.સા. નં.જી.જે.૨૭ ઇ.૦૪૦૬ નો જેનો એંજીન નંબર જોતા HA10ECB9J00074 તથા ચેસીસ નંબર MBLHA10EUB9J00483 નો જેની કિ.રૂ.૨૫,૦૦૦/- ગણાય

(૪) એક ગ્રે કલરનુ એક્ટીવા નં.જી.જે.૦૧ પી.સી. ૪૭૦૭ નો જેનો એંજીન નંબર જોતા JC44E2096221 તથા ચેસીસ નંબર ME4JC448EC8985216 નો જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણાય

(૫) એક સફેદ કલરનુ એક્ટીવા ૩ જી નંબર જી.જે.૦૧ એફ.ડબ્લ્યુ. ૨૩૬૧ નો જેનો એંજીન નં. JF50ET4059224 તથા ચેસીસ નંબર ME4JF506MFT059066 નો જેની
કિ.રૂ.૨૫,૦૦૦/- ગણાય .

(૬) એક બ્લેક કલરનુ એક્ટીવા નં.જી.જે.૨૭ બી.સી. ૭૬૦૩ નો જેનો એંજીન નં. JF50EU3032342 તથા ચેસીસ નંબર ME4JF505CGU032168 નો જેની કિ.રૂ.૨૫,૦૦૦/- ગણાય.

સદર પાંચ એક્ટીવા તથા એક પેશન પ્રો મો.સા. કિ.રૂ.૧,૪૫,૦૦૦/- તથા એક મોબાઇલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧,૫૫,૦૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામા વિગતે કબજે કરી ઉપરોક્ત ત્રણેય ઇસમોને સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબના કામે આજરોજ તા.૨૦.૧૨.૨૦૧૯ ના કલાક ૧૪.૦૦ વાગે પકડી અટક કરેલ છે.જે એક્ટીવા તથા મો.સા.ની નંબર આધારે તપાસ કરાવતા નીચે મુજબના ગુનાઓ શોધી કાઢેલ છે.

(૧) વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૩/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૨) વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૪/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૩) ઇસનપૂર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩૪/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૪) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૫) નારોલ કેનાલ રોડ ઉપર આવેલ ક્બ્રસ્તાન બહારથી એક્ટીવા ચોરેલ છે.
(૬) સી.ટી.એમ. બ્રિજ નીચેથી એક પેશન પ્રો મો.સા. ચોરેલ છે.

સદરી આરોપી બાબતે ઇ- ગુજકોપમા તપાસ કરતા આરોપી નં.૧ નામે અસ્લમ ઉર્ફે છોટુ સ/ઓ અનવરભાઇ શેખનાઓ અગાઉ સને ૨૦૧૬ મા બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ચોરીના ગુનામા પકડાયેલ તથા સને ૨૦૧૭ મા ઓઢવ પોલીસ સ્ટેશનમા ચોરીના ગુનામા પકડાયેલ છે.

આરોપી નં. ૨ દિપક હીરાભાઇ રાઠોડ નાનો સને ૨૦૧૭ મા ૪ ચોરીના ગુનામા ઓઢવ પોલીસ સ્ટેશનમા પકડાયેલ છે.

આરોપી નં. ૩ નાઓ સને ૨૦૧૭ મા ઇસનપૂર તથા બાપૂનગર પોલીસ સ્ટેશનમા ચોરીના ગુનામા પકડાયેલ છે.



## સરખેજ પોલીસ સ્ટેશન :

## મોટર સાયકલ ચોરીના આરોપીને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સ.ઇ.ડી.ડી.ચુડાસમા તથા એ.એસ.આઇ ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૭૫૭૦ તથા અ.હેડ કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અનાર્મ પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ તથા અ.પો.કોન્સ.જયરાજસિંહ મહિપતસિંહ બ.નં-૮૮૧૫ તથા અ.પો.કોન્સ.દશરથસિહ કરશનભાઇ બ.નં-૧૩૧૭૫ તથા અનાર્મ લોકરક્ષક વિરભદ્રસિંહ ખુમાનસિંહ બ.નં.૦૪૭૬ તથા અ.લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૦૨૬૩ તથા સ્ટાફના માણસો સાથે ટીમ બનાવી મિલકત સબંધે ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં **અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અનાર્મ પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬** નાઓને ખાનગી બાતમીહકીકત આધારે ફતેવાડી અંબર ટાવર રોડ સવેરા હોટલ નજીક ખાતેથી આરોપીને સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૮૫/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે પકડી અટક કરી ઉપરોક્ત ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**કબ્જે કરેલ મુદ્દામાલ**-(૧)ગ્રે કલરનુ હોન્ડા સાઇન મો.સા.નંબર-GJ-01-LU-3879 નુ જેની કિંમત આશરે રૂ.૨૫,૦૦૦/- ની મતાનુ

**પકડાયેલ આરોપી:**-મોહમદ સોયબ સન/ઓ અખતરહુસેન અબ્બાસભાઇ અંસારી ઉ.વ.૨૦

રહે.ઇમતીયાજભાઇ ના મકાનમાં મ.નં.૬ ,તાજ રો-હાઉસ, મેમનગર આર.સી.સી.રોડ અતાયફા મસ્જીદ પાછળ ફતેવાડી સરખેજ અમદાવાદ શહેર મુળ વતન ગામ-સરદાર વાસ અણદેજ તા-સાણંદ જિ-અમદાવાદ



## બીલ કે આધાર પુરાવા વગર ચોરીનો મોબાઇલ ફોન મેળવનાર ઇસમને પકડી ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં ઘણા સમયથી મોબાઇલ ફોન ચોરી થવાના ઘણા ગુનાઓ બનવા પામેલ હોય આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી આશીષ ભાટીયા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર તથા શ્રી અજય તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ હોય જે આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અને શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને સ્કોડના માણસો તા.૨૧/૧૨/૨૦૧૯ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હે.કો.પ્રતાપસિંહ સુખાજી અને હે.કો.ભરતકુમાર શીવરામભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી ભરત S/O કનુભાઇ જીણાભાઇ રાઠોડ ઉ.વ.૨૨ રહે. પુરપીડીતનગરની ચાલી વિભાગ-૧, રામાપીરનો ટેકરો, સ્વાગત એપાર્ટમેન્ટની સામે નવા વાડજ અમદાવાદ શહેરનાને દુધેશ્વર ચાર રસ્તા પાસે થી પકડી લીધેલ અને તેની પાસેથી સેમસંગ કંપનીનો મોબાઇલ ફોનકિં.રૂ.૩૦૦૦/- ની મત્તાના કબ્જે લેવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા જણાવેલ છે કે પોતાને ફોન લેવો હોય જેથી અંકુર બસ સ્ટેન્ડ અને તેની આસપાસ રહેતો અને રખડતો વિનોદ @ કાળીયો વાઘરીને પોતે વાત કરેલ હોય જેથી વિનોદ આજથી આશરે એકાદ મહીનામાં પહેલા પોતાને શાહપુર બ્રીજ ઉપર લઇ ગયેલ અને ત્યાં એક વાઘરી લારી ઉભી રાખી વેપાર ધંધો કરતો હોય તેની પાસે લઇ ગયેલ અને તેની પાસેથી બીલ કે આધાર પુરાવા વગર ઉપરોકત સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન રૂ.૧૨૦૦/- માં ખરીદ કરેલ હોવાનુ જણાવેલ છે.અને સદર મોબાઇલ ફોનની ચોરી અંગે નારણપુરા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૦૪/૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ હોય આરોપીને નારણપુરા પો.સ્ટે.ખાતે સોંપવામાં તજવીજ કરેલ છે.

પકડાયેલ આરોપી બે વર્ષ પહેલા સોલા પોલીસ સ્ટેશનમાં બાઇક ચોરીના ગુનામાં અને છ મહીના પહેલા શહેરકોટડા પોલીસ સ્ટેશન માં રીક્ષા ચોરીના ગુનામાં પકડાયેલ છે.

આ પકડાયેલ આરોપીએ આ સિવાય બીજા ગુનાઓ આચરેલ છે કે કેમ તે બાબતે તપાસ ચાલુ છે.